પેગમ્બર સાહેબ અશો જરથોશતનું

પંદનામું.

પ્રગટ કરનારા—હી૦ અરદેશરની કું૦

નં. ૧૮, ધોબીતલાવ, મુંબઈ.

કીંમત—બે આના.

મુંબઈ: "તત્વવિવેચક" છાપખાનામાં છાપ્યું છે.

૧૨૬૪ યઝદેજરદી.
૧૮૯૫ ઇસવી.

પેગમ્બર સાહેબ અશો જરથોશતનું

પંદનામું.

પ્રગટ કરનારા—દી૦ અરદેશરની કું૦

નં. ૧૮, ધોબીતલાવ, મુંબઈ.

કીંમત—બે આના.

મુંબઈ: "તત્વવિવેચક" છાપખાનામાં છાપ્યું છે.

૧૨૬૪ યઝદેઝરદી.
૧૮૯૫ ઇસવી.

ખોલાસો.

આ પંદનામું રાહે-રોશનના માસ મેહેર, આવાં તથા આદર, ૧૨૬૪ યઝદેઝરદી, ના ત્રણ અંકો મધે છાપવામાં આવ્યું હતું. જરથોસ્તી વાંચકોનો સગવડ સારૂ અમે તેને આ આકારમાં પાછું પ્રગટ કરીએ છીએ.

રોજ ૧ લો, માહ ૧૦મો,
૧૨૬૪ યઝદેઝરદી.

દી૦ અરદેશરની કુંપની,
પ્રગટ કરનાર.

પેગમ્બર સાહેબ અશો જરથોશતનું પંદનામું.

અમારી નેમોમાંની એક એ છે કે ધર્મને લગતી કેટલીક અસલી કેતાબો જે હમણાં સહેલાઇથી મળી શકતી નથી, પણ જે જરથોસ્તી ખાસોઆમને ઘણી ઉપયોગી થઇ પડે એવી છે, તેઓને ફરીથી પ્રગટ કરવી; કેજેથી કરીને તેમાંના કીમતી વિચારો તથા મોતેબર લખાણો તદ્દન ભુલાઇ જતાં તથા નાબુદ થતાં અટકી નવી જીંદગી મેળવે. આ નેમને અનુસરીને પ્રથમ પેગમ્બર સાહેબ જરથોસ્તનું પંદનામું આપવાનુ અમે આજથી શરૂ કરીએ છીએ. એ વાની કેતાબ અસલ પેહલવીમાંથી ગુજરાતીમાં તરજુમો કરી બાહર પાડનાર બેહસ્તસુકામી દસ્તુર એદલજી દારાબજી જમશેદજી હતા. એ દીનદોસ્ત સાહેબે પંદનામાંનો ગુજરાતી તરજુમો ઇ૦ સ૦ ૧૮૨૪ માં, એટલે આજથી સીતેર વરસની વાત ઉપર, પોતાના હમદીનોની રાહનુમાઇ કાજે ઘણીક ઉલટથી છપાવ્યો હતો એવું એ ચોપડીના અસલ દીબાચા ઉપરથી જણાય છે. તે દીબાચો નજદીક સદાબરો પ્રગટ કરવાની અમે જરૂર જોઇછે. મરહુમ દીલસોજ દસ્તુરની માફક આજનો કોયો ચઢતા કે ઉતરતા વર્ગનો અથોરનાન પોતાને હસ્તકની ધર્મને લગતી ચોપડીનો ઉતારો કરી આપવા જેટલી ઉલટ તથા દીનદાઝ દેખાડશે?

એ પંદનામુ અથવા નસીહતનામું દરેક વર્ગના જરથોસ્તીઓને બંધબેસતુ થઇ પડશે એવી આશા છે; કારણકે એની એબારત જેમ ઘણી સલીસ છે, તેમ બાબદ પણ સમજ પડે એવી સાદી ઢપે લખાયલી છે. એમ છતાં, કેહવાની જરૂર છે કે દેખીતા સાદા શબ્દોને તળીએ જે અગતનું જ્ઞાન રહેલું છે તથા જે કીમતી બોધ તેઓ આપેછે તે દરેક વીચારવંત જરથોસ્તી, કે જેણે આ ફાની દુનીઆઇ જીંદગીની ખરી મતલબ શી તથા માણુસજાતનાં સુખ અને ફાયદાનાં સાધન કીયાં તે વીશે થોડો કે ઘણો ઉંડો વીચાર કીધો હશે, તેને સહેજે જણાશે.

જે જે સીફતો માણુસ માત્રને આ ખાકી આલમમાં ખરૂં આદમીપણું બક્ષેછે, અને પેલી આલમમાં બુલંદ મરતબે પોહચાડેછે તે ગુણો આસાનીથી ખીલવતા રહેવાની અને જાળવી રાખવાની તરતીબ આ પંદનામાં માંહેની સાદી શીખામણોમાં જોવામાં આવેછે. જીવ અને શરીર વચેનો અતલગનો સંબંધ દેખાડતાં એ બંનેનાં જુદાપણા બાબે જે બોધ જોવામાં આવેછે તે દરેક સમજુ આદમીના ગંભીર ધ્યાનને લાયક જણાશે. પારસી કોમની હાલની ધર્મ સંબંધી નાવાકેફ હાલતમાં આ નાની ચોપડી એક જરથોસ્તીના આચારવીચારો તથા ફરજોનો સામટો સાર આપતી માલમ પડશે.

અસલ લખાણુ જેમનું તેમ જાળવી રાખવાની મકસદથી કેટલાક બોલોની જોડણી વગેરેમાં કંઇક જરૂર જોગા સુધારા સિવાય બીજો કશો ફેરફાર કીધો નથી.

અસલ દીબાચો.

પાક પરવરદેગાર શાહેબનાં મોબારક નામે કરી અને તેની ભલી પાક માજદીઅશની દીનના જહળકાટે કરી કે જે શાહેબે શ્રી જરતોશત જેહવા નેક નશીહત કરનારા પેગમબરને આપણ ખાકી બંદાઓને નેક રાહ દેખાડવાને મોકલેઓછે તે પરવરદેગારની મદદથી તથા તેહના મોકલેલા અશો પેગમ-

બર શ્રી જરતોશત અનોશેહેરવાંનની માજદીઅશની દીનનાં નેક નશીહતનાં શોખોનો
કમતરીન ખાકશાર હેરવદ એદલ દશતુર દારાબજી એબને દશતુરાંન દશતુર જમશેદજીએ પો
શોકથી માજદીઅશની દીનના શાહેબ લોકોને વાચવા શારૂં આ કેતાબ પંદનાંમું યઆને નશીહ
નાંમું શ્રી જરતોશતનું પેહેલવી જોબાંનમોથી ગુજરાતી જોબાંનમાં તરજુમો કરી છપાવી નેક લોકોને
વાંચવા સારૂં જાહેર કીધુછે. હવે વાચનારા શાહેબ લોકોની ખેદમતમાં અરજ એ છે જે એ કેતાબ અશલ
પેહેલવી જોબાંનમો અશલ દશતુરાંન દશતુરજી શ્રી જામાશપજી હેરવદ આશાજી ને હાતની લખેલી હતી
તેમાંથી એ ફકીરે લફજે લફજની માએની ચોકસ કરીને ગુજરાતી જોબાંનમો તરજુમો કીધોછે. જે શાહે-
બોનો અગર શોક પેહેલવી પંદનાંમું લીધાનો હોય તો એજ ભાવે કમતરીન લખી આપશે. એ ગુજરાતી
જોબાંનમાં કોઈ શાહેબોએ કાહાડેલું નથી, અને એ નશીહત જોવામાં ઘણી નાદેર છે, એટલાવાશતે
પેહેલવીમાંથી ગુજરાતી કીધીચ કે પાક માજદીઅશની દીનના શાહેબ લોકો એ વાંચીને એ મારગ ઉપર
ચાલે તો વારૂ દોઆગોને શવાબનો બેહરો પોહોચે. એની છપામણી તથા કાગજ તથા બંધામણીનો
ખરચ રૂ. ૧।। થયોચ. એજ ભાવે કંમતરીને મુકીછે... ખશુશંન નેક લોકોને વાંચવાશારૂં કાહાડીછે.
અગર એ કેતાબના તરજુમામાં કાંઈ ભુલચુક હોય તો શફકતની શાહથી માફ કરીને શમારવી.

પંદનામું શ્રી જરતોશત પેગમબર શાહેબનું.

પાક માજદીઅશની દીનમાં એમ જાહેર છે:—શવાલ કીધો પેગમબર શાહેબ શ્રી જર-
તોશતે દાદાર હોરમજદને કે એ દાદાર હોરમજદ, માજદીઅશની દીનના આદમીઓ જ્યારે ૧૫
વરશના થાય ત્યારે તેઓને પોતીકા જીવ શાથે પરથમ શું વમાશતું જોઈએ?

જવાબ દીધો દાદાર હોરમજદે પેગમબર શાહેબ શ્રી જરતોશતને કે પરથમ આદમીઓને
એમ વમાશવું જોઇએ કે હું કોણ છેઉ, કોણનો પોતાનો હું છેઉ, અને કાંહાંથી આવેલો છેઉ,
પાછો કાહાં જાવાનો છેઉ? અને કોણનાં પેવંદથી માહારૂં તોખમ છે અને દુનીઆમાં શું નેક
કામનું કરવું છે, અને તે નેક કામના કરવાથી મહને બેહેશતમાં શું નેક બદલો પોહોચશે? હું
બેહેશતમાંથી આવેઓ છેઉ ઈઆ દુનીઆમાંજ થાયલો છેઉ? દાદાર હોરમજદનો પોતાનો
ઈઆ એહેરેમનનો પોતાનો હું છેઉ ઈઆ દેવોની તરફનો પોતાનો છેઉ? ભલા લોકોને
તાબે રેહેનારો છેઉ ઈઆ ભુંડા લોકોને તાબે રેહેનારો છેઉ? હું આદમી છેઉ ઈઆ દેવ? એ
દુનીઆમાં દીનની રાહ કેટલી છે? મહારી દીન કહી? હું કહી દીનના મારગ ઉપર ચાલું અને
મને તે દીનના મારગ ઉપર ચાલવાથી શું ફાએદો પોહોચે, અને મને તે દીનનાં મારગ
ઉપર નહી ચાલવાથી શું જીઆન પોહોચે? માહારો કોણ દોશત, હું કોણની દોશતી કરૂં
અને માહારો કોણ દુશમંન? હુ કીયા દુશમંનથી ડરતો ચાલું? પેદાએશની શરૂઆતમાં
એક હતો ઈઆ બે? હું તે શરૂઆતવાલાઓમાં કોણને તાબે રહું અને કોણથી હું જુદો
રેહું? એ રોશનીનો પેદા કરનાર કોણ અને એ અંધારાનો પેદા કરનાર કોણ? અને એ નેક
ખોશબો કોણે પેદા કીધી અને એ બુરી બદબો કોણે પેદા કીધી; અને એ નેક દીનનો મારગ
કોણે પેદા કીધો અને ભુડી દીનનો મારગ કોણે પેદા કીધો; અને નેક ઈનશાફ કોણે પેદા કીધો
અને ભુંડો ઈનશાફ કોણે પેદા કીધો, અને વરધીનો પેદા કરનાર કોણ અને એ વરધીનો ઘટા-
ડનાર કોણ? બખશાવનું અને બખશેશ કોણે પેદા કીધી, અને નહી બખશાવવું અને નહી
બખશેશનુ કરાવનું કોણે પેદા કીધું? કોણની પેદાયશનો હું છેઉં? દાદાર હોરમજદની પેદાયશનો
ઈઆ ગનામીનો એહરેમનની પેદાયશનો? મારો બાપ કોણ, અને મારી મા કોણ? અને મને

...થી મલ્યું? અને મારી ઓરત કોણ અને મને ઓરત શા વાશતે કરવી જોઇએ? મને કીઓ ખોરાક ખાવો જોઇએ, અને મને જમીન ઉપર શા વાશતે રેહવું જોઇએ અને જમીન ઉપર રહીને શું એખતીઆર કરવું જોઇએ, અને એ દુનીઆમાં કેટલાએક દહાડા મને ખાવુંપીવું અને એશઆરામ રામશની કરવી જોઇએ?

શવાલ કીધો પેગંમબર શાહેબ શ્રી જરતોશતે દાદાર હોરમજદને કે એ દાદાર હોરમજદ, ગેબના જાણનાર, એનો જવાબ શું છે? જવાબ દીધો ગેબના જાણનાર દાદાર હોરમજદે પેગંમબર શ્રી જરતોશતને કે એ જરતોશત, જ્યારે આદમીઓ ૧૫ વરશના થાય ત્યારે તેઓને પરથમ પોતાના જીવ શાથે એમ વમાશવું જોઇએ અને પોતાના જીવ શાથે એમ ધારવું જોઇએ કે મારે હાથે નેક કામનુ અખતીઆર કરવું કરૂં અને પાક માજદીઅશની દીનની રાહ ઉપર હું રજુ થનારો રેહું અને નેક એલમના શીખવા શાથે બેશક તે જાહાંન પોહોચું, ઇઆને પાક માજદીઅશની દીનનાં સુદરાહ કુશતીના શવાબ ઉપર ચાલવાએ કરી તે જાહાંન પોહોચનારો હું થાઉં. સુદરાહ કુશતીનો શવાબ એ કે પાંચ વખતની બંદગી કરવી, તથા વરશનાં છ ગાહંમબારનું ઇજાવનું, તથા વરશમાં એક મરતબે ફરવરદીઆનનું ઇજાવવું તથા માબાપનાં રોજગારનું જાલવવું તથા વરસમાં બે મરતબે રપીથવનનું ઇજાવવું, એ સુદરાહ કુશતીનો શવાબ દીનમાં કહેલો છે તે શવાબ સાથે તે જાહાંન પોહોચવું. વળી એમ જાણવું કે તે જાહાનથીજ હું પોહોચેલો છેઉ, નથી હું એ દુનીઆંથી થાએલો; એ દુનીઆમાં પેદા થયલો છેઉ પણ નથી થાનારો, ઇઆંને જાહાંનમા રેહેનારો નથી. દાદાર હોરમજદનો પોતાનો છેઉ, નથી હું અહેરેમંનનો પોતાનો. દાદાર હોરમજદને તાબેનો રેહનારો હું છેઉ, નથી હું નાપાક અહેરેમંને તાબેનો રેહેનારો. યજદ અમશાશપંનદોને તાબેનો રેહેનારો હું છેઉ, નથી હું દેવોને તાબેનો રેહેનારો; અને યજદ અમશાશપંનદોનો પોતાનો હું છેઉ, નથી દેવોનો પોતાનો. ભલા લોકોને તાબેનો રેહેનારો હું છેઉ, નથી હું ભુંડા લોકોને તાબેનો રેહોનારો. હું આદમી છેઉ, નથી હું દેવ. દાદાર હોરમજદની પેદાયશનો પેદા થયલો હું છેઉ, નથી હું અહેરેમંનની પેદાયશનો પેદા થયલો. મારૂં પેવંદ ચાલીઉચ ગઇઓકમરદનાં તોખમથી (એ તોખંમની તમામ હકીકત બુંનદેહેશને કેતાબનાં ૩૦૫ તરંનશો ને પાંચમાં શફાથી માલુંમ થાય). અને એમ જાણવું કે મારી માએ અશપંદારમદ અમશાશપંદ અને મારો બાપ દાદાર હોરમજદ; અને મને આદમીપણું મશી મશીઆંનથી થયલુંછે કે પરથમ તોખમ ગઇઓકમરદનું જમીન ઉપર પડીઉં તેનાં તોખમથી માઇ પેવંદ ચાલીઉં છે, અને મને આદમીપણુ મશી મશીઆનથી થયલુંછે; તે મશી મશીઆંનનાં જોડાંથી આદમીપણું તે આદમીપણુંમાં એ મારા માએ બાપનાં તોખંમથી હું એ દુનીઆમાં પેદા થયો. એ માએ બાપ એટલાવાશતે કે નવ મહીનાં માએ પેટમાં રાખેઓ અને એ જાહાંનનાં બાપે મારી પરવરેશ કીધીછે એટલા વાશતે એ જાહાંનનાં માએ બાપને આજાર નહી દેવો જોઇએ, કાંએજે આદમીપણુંમાં આવ્યો ત્યારે પરવરેશ કરી જાલવેઓ. જે શખશે એ માએને આજાર દીધો તે શખશે અશપંદારમદ અમશાશપંદને આજાર દીધો જાણવો, અને જે શખશે બાપને આજાર દીધો તે શખશે આદમીઓનો બાપ જે દાદાર હોરમજદ તેને આજાર દીધો જાણવો. એ મીશાલે આદમીઓને દેલ ઉપર વમાશવું અને નેક જાણવું. એ તમાંમ હકીકત બુંનદેહેશને કેતાબથી માલુંમ કરવી. અને એમ જાણવું કે મને નેક કામ ચોકશાઇ સાથે કરવાની ફરજ છે, શાવાસતે કે દીનનું કામ ચોકશાઇથી કરવું જાઇએ કે તે કામમાં નાપાક એહરેમન ખલલ નહી નાંખે; એટલાવાશતે ચોકશાઈ રાખવી જોઇએ. તે દાદાર હોરમજદે નેક કાંમ કીધાંચ તે જાળવણી શાથેજ કીધાંછે

તેની બરકતથી પોતે હમેશે છે અને હમેશાં હતો અને હમેશે રેહેનારો છે. અ
રાખનાર જેની પાદશાહીનો છેડો નથી અને ખાલેશ પાદશાહીનો રાખનાર અને
ખાલેશી શાથે હમેશે રેહેનારો છે, તે દાદાર હોરમજદનો દોશત હું થાઉં, ચોકશાઈ સાથે
શવાબનાં કામ કીધાથી; અને તે શવાબનાં કામથી નાપાક ગનામીનો એહરેમન આખેરકાર
આંધલો થાઇને નેશત થાનારો છે અને એ નાપાક એહરેમનની પેદાયશનું બી આખેરકાર નેશત
થાવું છે; એ મીશાલે હરરોજ વમાશવું અને ઇઆદ રાખવું. અને પોતીકું તન દાદાર હોરમજદ
અને યઝદ અમશાસ્પંદોને તાબે રાખવું અને નાપાક એહરેમન અને દેવોની શાથે લડીને જુદુ
રેહેવું, કાંયજે તે નાપાક માહરો દુશમન છે ઇઆંને એહરેમન તથા દેવો શાથે લડવું છે.
નેક મનશની સાથે બંદગી એકાંત કરવી, કાંઈ બંદગી કરતાં અંદેશો નહી કીધો જોઇએ. તે
બંદગી છે તે એહરેમનની ઉપર હથીઆર છે, અને લડીને એહરેમન તથા દેવોને પાછા રાખેછે;
તે મીશાલે લડીને તે નાપાક એહરેમનથી હું જુદો રેહું. અને દુનીઆમાં પરથમ માજદી-
અશની દીન ઉપર બેશક રેહું અને દીનનું કામ એખતીઆર કરૂં, અને પછે ખોરાક ઇંજીને
ખાઉં ઇઆને બાજ ધરીને ખાઉં. અને નેક મનશની શાથે ભલી માજદીઅશની દીન ઉપર
રજુ રેહું અને હરરોજ શવાબનો ફાયદો રાખુ, જે મીશાલે કે શોદાગર લોકો હરરોજ રાતનાં
વખત ઉપર શરવાલો લીએ કે આજ શું ખરચ થયો અને શું નંફો રહેઓ તે મીશાલે
હરરોજ રાતનાં વખત ઉપર ઇઆને ખાબ કરવાનાં વખત ઉપર વમાશવું કે આજે
કેટલો શવાબ આપણથી થયો અને કેટલો ગુનાહ થયો. અગર ગુનાહ થયો હોય તો
પતેત કરવી અને પશેમાન થવું અને ગુનાહથી છુટવું, અને પછે ખાબ કરવો; અને એ
મીશાલે હરરોજ શવાબનો ફાયદો રાખવો કે શવાબની દોલત ઘણી મોહોટી છે; દુની-
આની દોલત કરતાં એ દોલત ઘણી મોહોટી છે શાવાશતે જે દુનીઆંની દોલત તો દુની-
આમાંજ રહી જાયચ અને એ શવાબની દોલત તો તે જાહાંન સાથે આવેચ અને એ
જાહાંનમાંબી મદદે પોહોચેચ, એટલાવાશતે શવાબનો ફાયદો રાખવો અને ગુનાહથી દુર રેહેવું,
કારણકે ગુનાહનો ફાયદો રાખવાથી ઘણી મોહોટી જીઆન બેહુ જાહાંનમાં પોહોચેછે તેથી
પહરેજ કરવી ઘણી લાયક છે. શવાબ કીધાથી ભલાઈ પોહોચેછે અને તમાંમ જાહાંનમાં નેક
નામદાર કેહેવાયછે અને બેહશતમાં ઘણો બુજોરગ મરતબો પાદશાહોની મીશાલનો પામે
અને જગોબી ઘણી આરાયશ ભરેલી પોહોચે, અને ભુંડાઈ કીધાથી એ જાહાંનમાં નુકશાન
પાંમે અને દોજખમાં કયામતનાં દાહાડા તલક ઘણો ભારી અજાબ ભોગવે. અને એ મીશાલે
જાણવું કે રોશનીનો પેદા કરનાર દાદાર હોરમજદ છે અને અંધારીનો પેદા કરનાર નાપાક નાદાંન
ગનામીનો અહેરેમંન છે. માજદીઅશની દીનનો પેદા કરનાર દાદાર હોરમજદ છે, અને
દરવંદી દીનનો પેદા કરનાર નાપાક ગનામીનો અહેરેમંન છે, એ મીશાલે વમાશવું અને જાણવું
અને ઇઆદ રાખવું. બીજું, ઓરત કરવી શાને વાશતે કે દુનીઆંમાં પેવંદ ચાલે તે શારૂં કરવી
જોઇએ. તરીજું, જમીન ઉપર રેહેવું એટલાવાશતે કે જમીન ઉપર રહીને બાગબગીચા કરવા
અને જમીનને ખેડવી. ચોથું, પરથમ ઉશતાદની નજદીક મકતબમાં જાવું. માજદીઅશની
દીનનો પાક પરહેજગાર અવશતાની માએનીનો જાણનાર ઉશતાદની નજદીક અવશતા વાંણી
એલંમ શીખવો કે તે એલંમ શીખેઆથી બેહેશતનો મારગ પામે. બીજો એલંમ શીખવાથી
બેહેશત નહી પાંમે. એટલાવાશતે પરથંમ એ એલંમ શીખવો અને પછે બીજો એલંમ
શીખવો કે તે શીખવાથી દુનીઆઈ અકલની દાંનાઇને પાંમે. પાંચમું, એ તરંણુ દાહાડા અને
તરંણુ રાતની દુનીઆમાં બંદગીનાં જહલકાટ શાથે પોતીકું ઘેર આબાદાંન કરવું.

તરણુ દાહાડા અને તરણુ રાતની દુનીઆંમાં ખાવુંપીવું, રાંમશની તથા આશા-ઇ કરવી એટલી ચીજથી બેશક રેહેવું; અને હરઘડી જાણવું કે શવાબ કીધાથી ફાયદો અને ગુનાહથી જીઆંન છે. અને જાણવું કે મારો દોશત દાદાર હોરમજદ છે અને મારો દુશમન અહેરેમંન છે. અને નેક દીનની રાહ એકજ છે. નેક મનશની, નેક ગવશની, નેક કોનશની સાથેની એ એવી એક દીનની રાહ ઘણી બુજોરગછે તે દીન ઉપર હું ચાલું કે તેવી નેક દીન ઉપર ચાલનારા લોકોને દાદાર હોરમજદનું જે રોશનીભરેલું બેકીનારે બેહેશત છે તે ખાલેશીભરેલુ રોશંન બેહેશત તે લોકો પાંમે છે; અને ભુંડી દીનની રાહ જે બદ મનશની, બદ ગવશની, બદ કોનશની ઇઆને કોઈ ઉપર ભુંડું વમાશવું, જુઠું બોલવું, પારકી દીનના મારગ ઉપર ચાલવું, દેહડાં મશીદનું પુજવું, જાદુઇનું શીખવું જાદુગરોની પરસતેશનું કરવું, એવું કરનારા લોકોને અંધારૂં, તમામ મોતભરેલું તથા જીઆંનભરેલું તથા મુશ્કિલ તથા દોહેલભરેલું એવું દોજખનું ભુંડુ છેડાનું રાખનાર ઘેર છે, ઇઆને કએઆંમતને દાહાડે તે નેશત નાબુદ થનારૂં છે, તે દોજખ રેહેનારૂં નથી; તેવાં ભુંડાં દોજખનાં ઘેરથી હું છુટું અને એક શપેનામીનો જે દાદાર હોરમજદનું હમેશે રેહેનારૂં તમામ રોશની અને રાંમશનીભરેલું જે બેહેશતનું ઘેર છે તેંમ રેહેનારો હું થાઉં; એ વાતથી બેશક રેહેવું. અને જાણવું કે નેક બોશબોનો પેદા કરનાર દાદાર હોરમજદ છે અને ભુંડી ગંધનો પેદા કરનાર નાપાક અહેરેમંન છે, અને નેક ઇનશાફનો પેદા કરનાર દાદાર હોરમજદ છે અને ભુંડા ઇનસાફનો પેદા કરનાર નાપાક અહેરેમંન છે; વરધીનો પેદા કરનાર દાદાર હોરમજદ છે અને વરધીને ઘટારનાર નાપાક અહેરેમંન છે; અને આબાદાંનીનો પેદા કરનાર દાદાર હોરમજદ છે અને નેશતીનો કરનાર નાપાક અહેરેમંન છે; અને રાંમશનીનો પેદા કરનાર દાદાર હોરમજદ છે અને ગમીનો પેદા કરનાર નાપાક અહેરેમંન છે; બખશેશનો પેદા કરનાર દાદાર હોરમજદ છે અને તંગીનો કરનાર અહેરેમંન છે; બખશેશનો કરાવનાર દાદાર હોરમજદ છે અને બખશેશનો તોડનાર નાપાક અહેરેમંન છે; શખાવતનો હાથ દાદાર હોરમજદનો છે અને બખીલીનો કરાવનાર નાપાક અહેરેમંન છે; એ વાતથી બેશક રેહવું. અને હરરોજ ઇઆદ રાખવું અને જાણવું કે પેદાયશની શરૂઆતમાં બે હતા એક વખતનાંજ પેદા થયલા હતા. એક પેદાનો કરનાર અને એક નાપાક મારનાર. દાદાર હોરમજદ તમામ નેકીનો રાખનાર અને નાપાક ગનાંમીનો અહેરેમંન તમામ ગમીનો રાખનાર તથા મોતનો રાખનાર તથા તમામ કીનાનો રાખનાર અને વાહાનારા તમામ દેવદરૂજોનો રાખનાર નાપાક દરવંદ અહેરેમંન છે, એ વાતથી બેશક રેહવું.

ફરીથી કહયું દાદાર હોરમજદે પેગમબર સાહેબ શ્રી જરતોશતને કે મેં પેદાયશ પેદા કીધીછે; એ જરતોશત, હું છેઉં તંનનો રાખનાર; એ જરતોશત, તન શાથે નેક નામદાર નેક પાશબાનીનો કરનાર હું છેઉં. બંદાઓને શકથી પાક રાખનાર હું છેઉં, શાવાશતે કે જે કોઈ બંદો મને ફરી ફરીથી પીછાનવું કરેછે ઇઆને મારી બંદગી વખતે વખત કરે છે અને મારી પરશતેશ દંમ બદંમ કરે છે, શવાબ ઉપર શવાબનું વધારવું કરે છે તે બંદાનાં તન ઉપર નેક કામથી હું પોતે પાશબાનીનો કરનાર છેઉં. એ જરતોશત, ઓશતવારી શાથે મારી પરસતેશનું કરવું તે એ ભલી માજદીઅશની દીનમાંજ છે; બીજી દીનમાં મારી પરસતેશનું કરવું નથી. ગનામીનો અહેરેમંનને તોડનાર તે ભલી માજદીઅ-શની દીનનાં શખુન છે. એ શેવાય કોઈ બીજી દીનનાં શખુન પઢવાથી ગનામીનો અહેરેમંન તથા દેવદરૂજો તુટતા નથી. બીજી દીનનાં લોકો પોતીકા મજહબનુ પઢેછે તેઓનાં પઢવાથી દેવદરૂજો તથા અહેરેમંનને ઘણો જોર અને કુઉવત તે શખુનોના પઢવાથી પોહોચેછે. જે

બંદો મહને ચાહાનારોછે, એ જરથોશત, તે શખશને બેહુ જાંહાંનમાં ફાયદો ... પોહોચે છે. નાપાક ભુંડા અહેરેમંને એ દુનીઆંમાં મુશકેલ તથા જીઆંન નાખેલીછે તે ... હજારામાં બે દાહાડા મુશકેલ તથા જીઆંન મારા અશો મરદો ઉપર નાખેછે. શાવાશતે મુશકેલ તથા જીઆંન તે નાપાક નાખેછે કે મારી બંદગીના કરવાથી પાછો રાખવાને વાશતે, પણ જે કોઈ અશો મરદ અહેરેમંનની નાખેલી મુશકેલ અને જીઆંન ઉપર શબર કરેછે, નાશબર નથી થતો, તે શબરનાં કીધાથી નાપાક અહેરેમંનની જીઆંન તથા મુશકેલ તથા દોહેલ તથા હર જાતનું દરદ ટુટે છે, અને આખેરકાર તે મારા અશો મરદને ફાયદો તથા રામશની ઘણીએક ઉંચી પોહોચે છે. એ જરથોશત, મેં પરથમ આદમીઓનો જીવ પેદા કીધો અને પછે દુનીઆમાં તંન પેદા કીધું છે. તે તંનને જીવ શાથે ઘણી મોટી દોશતી છે; તે તંનનો દોશત જે જીવ તે પોતીકા દોશતને કેહેછે કે એ મારા દોશત તું મારી શાથે વફાદારી કરજે કે તું એ મોતમંદ જાંહાંનમાં ગુજરનારૂંછે વાશતે તું મનશનીમાં નેક વમાશવું કરજે, અને એ રવેશે એ મારાં મોતમંદ તંનને વાશતે જબાં ઉપર જે કાંઈ કેહેવું કરે તે શાચું કેહેજે, અને એ રવેશે એ મારાં મોતમંદ તંનને વાશતે જે કાંઈ હાથે કામ એખતીઆર કરવું કરે તે નેક કામનું કરવું કરજે. શાવાશતે કે એ મારા દોશત તું જો એવું નહી કરશે તો તું તો ખાકમાં મલશે અને મને કયા મતના દાહાડા તલક દોજખનો અજાબ ભોગવવો પડશે. જો તું એ મીશાલે નહી કરશે તો નાપાક અહેરેમંન મારા મોતમંદ તંનને જોનારો થશે, અને પાહાડ ઉપરથી તોડીપાડીને ખેચવું કરશે; તેવું મને મા હોતું કે નાપાક ગનામીનો અહેરેમંનનું ડરાંમણું અને દેહેશતમંદ અને ખરાબીનું કરનારૂં ઘણી અંધારીનું રાખનાર એવી તો અંધારી કે કોઈ કોઇને પીછાંની નહી શકે, અગર હાથમાં ધરવા માંગે તો ધરાઇ શકે એવી જે અંધારીનું દોજખ છે તે જગો ઉપર નાપાક અહેરેમંન મને ખેંચવું મા કરતો. એ મીશાલે જીવ પોતીકા દોશત જે તંન તેને કહેછે.

દાદાર હોરમજદે કહ્યું પેગમ્બર સાહેબ શ્રી જરતોશતને કે એ જરતોશત નાપાક એહરેમને ફરેબના દેનાર દેવદરૂજો એ દુનીઆંમાં ઘણા કીધાછે તે નાપાક દેવદરૂજો હજારો આદમીઓને ફરેબ દઇને ગુનાહ કરાવે છે, અને તે ગુનાહ કરાવીને આખેર તે મારા આદમીઓ ગુજરે છે તેવારે તેઓને દોજખના થડમાં ખેંચી લઇ જાયછે. એટલા વાશતે, એ જરતોશત, તમામ જેહાનના આદમીઓને આગાહ કરજે કે તમો એ નાપાક દેવદરૂજોના ફરેબ ઉપરના ચાલતા, શાવાશતે જે મેં તમામ પેદાયશ પેદા કીધીછે, શું સેતારા તથા માહા તથા ખોરશેદને મેં દુનયાને રોશન કરવાને વાશતે પેદા કીધાછે. તથા આતશ તથા પાણી તથા ઓરવર તથા સગ તથા ગોસપંદો તથા પરંદા ચરંદા એ સરવે પેદાયશના ચલાવવાને વાશતે પેદા કીધાંછે; તે તમામની ઉપર ભલાં, બુજોરગ અને બરતર અશો આદમીઓ મેં પેદા કીધાંછે, શાને વાશતે કે મારી નેક મનશની અને નેક ગવશની અને નેક કુનશની સાથે મારી પરસતેશ કરવા સારૂ. મેં પેદા કીધા છે કે કબુલ કરે મારી ભલી માજદીઅસની દીનમાં રહીને રાસતી સાથે પાકીનું વખાણવું, ઇયાને સવાબના કામનું કરવું કરે. એ મીસાલે મારી નેક પાકીનું વખાણવું કરે તો ભુંડી એહરેમનની જીઆન તથા ખરાબી આદમીઓ ઉપર નહી પોહચી શકે અને આખેરકાર મારે તાએના રેહનારા થાય, શાવાશતે કે મેં પેદા કીધા છે તમામ આદમીજાતને આદમીઓ દેવોના ફરેબથી ગુનાહ કરેછે. અને ગુનાહ કીધાથી જાહાનમાં ભુંડી જીઆંન તથા ખરાબી પેદા થાયછે. આદમીઓ, દેવોના ફરેબ પામે છે અને ગુનાહ કરે છે, પણ મોતને નથી વમાશતા કે કીધેલા વખત ઉપર ગુજરવું છે; અને જીવ ઉપર હમેશે જીઆંન પોહચેછે એવી ખરાબીની રાહ રાખેછે, અને

...તુ કરેછે તેણે કરી ભુંડી એહરેમંનની અકલ રાખીને મારી સાથે કીનો રાખવો છે; અને મારા બંદા થઇને ભુંડી મનશનીની રાહ જે દોજખ તેની ઉપર પોહચનારા થાયછે. એ જરતોશત, જવાં મરદો ગુજરયા પછી ચીનવદ પુલની ઉપર પશેમાન થાયછે ત્યાર પછી, છેક આખેરનો દહાડો જે કયામત છે તે વખત તલક પશેમાની ખેંચેછે. વાશતે એ જરતોશત તુને હું કહુંછું કે એ તમામ હફતેકેશવર જમીનના આદમીઓ ગુજરનારા છે; એટલા વાશતે હરેક આદમીઓને પોતીકા જીવ સાથે એમ વમાશવું જોઇએ કે એવું મારા મોતમંદ તનને ના હોતું. એ તરેહ વમાશી કરીને પોતીકી અકલ સાથે સમજીને ઘણી કોશેશ સાથે એ નેક રાહનો તોશો કરવો જોઇએ-કે એક ખોરાક ખાધા પછી બીજો ખોરાક ખાધાનો વખત આવે તેટલે તોશો કીધો જોઈએ; બીજે મરતબે ખોરાક ખાધા પછી તરીજા ખોરાકનો વખત આવે તેટલે તોશો કીધો જોઇએ, શાવાશતે કે એ દુનીઆમાં દશ અથવા પંદર દહાડાની જીંદગાની છે તેટલા દહાડામાં તોશો કીધો જોઇએ. આદમીઓને એમ જાણવું જોઇએ કે એ તોશો કરૂં તો હું જીવતો બેહેશતમાં પોહચું, અને મારો બાપ જે દાદાર હોરમજદ તેનો પેઆરો થાઉં; ઇયાંને તેની બંદગી કીધાથી તેની નજદીકમાં પોહચું અને તેને જોઇને નેમાજ કરૂં. અને જે કોઈ આદમી તે નેક રાહનો તોશો નથી કરતો તે શખસથી તે જાહાન પોહચાતું નથી (તોશો તે રસતાના ભાતને કહેછે) જે મીશાલે કે કોઈ શખસ મુસાફર રસતામાં નીકલે ને રસતાને વાશતે ભાતીયું બાંધીને નીકલે, પછી રસતામાં ભુખ લાગે તે જગો ઉપર ખાએ તો તે ખાધાથી તે શખસને ચાલવાનું કૌવત આવે; અગર ભાત નહી હોય અને રસતામાં ચાલતાં વખત ઉપર ભુખ લાગે તેવારે રસતામાં ચલાય નહી તેવારે તે શખસ રસતામાં પડી રહે; ત્યાં કાંઈ તે શખસને રસતામાં ચાલવાનો બીજો કશો ઇલાજ નથી થતો; પછી તે લાચારીથી ત્યાં પડીને ખરાબ થાય છે, તે મીશાલે જે શખસે એ દુનીયામાં બંદગીનો તોશો નથી કીધો તે શખસને તે જાહાનમાં ચાલવાનો ઇલાજ નથી થતો.

આદમીઓ હરેક ગુનાહ કરેછે તેઓને માલમ નથી પડતું કે શું ગુનાહ કીધોછે, પણ જે મીશાલે જમીનમાં બીજ નાખેછે અને તેનો રોપ નીકલેછે અને તે રોપ વધેછે અને તેનું મોટું ડાલ પાંખડા સાથેનું ઝાડ થાયછે તેજ મીશાલે એ ગુનાહ બી ઘણો વધેછે અને ઘણો ફેલાય છે. ઇયાને તે શખસ જીવતો છે તાંહ તલક પેલો ગુનાહ વધેછે; તેને વધવાની આદમીઓને ખબર નથી પડતી, પણ તે ગુનાહ તમામ ગુજરતી વખતે નજર આવેછે. તે વખત આદમીઓ ઘણો મોટો પસતાવો ખાયછે અને ખુદાને યાદ કરેછે, અને પછી ઉઠવા માગેછે કે હવે ઉઠું તો મોટો સવાબ કરૂં અને એ ગુનાહને કાપું. પણ પછી ઉઠી કાંહથી શકે? એટલાવાસતે આદમીઓને પોતીકા જીવ સાથે એમ જાણવું જોઇએ કે મારૂં મોતમંદ તન છે તેને વાશતે ઘણાએક પેઆરથી હું સવાબના કામનું ચાહતું કરૂં કે તે સવાબના કામ કીધાથી હમેશનું બેહેશતનું ઘેર જે રોશનીભરેલું છે તે ઘેરમાં જીવતો પોહચું, ઇયાને મારૂં જીવતું રવાન ગુનાહકાર ના હોતું, અને ગુનાહ કીધાથી દોજખનો અજાબ ના હોતો. કે જેમ દુનીયામાં નાપાક દરવંદો હજારો ગોસપંદોને ખરાબ કરેછે એ મીશાલે નાપાક એહરેમંનનો ઓશતહાદ નામનો દેવ જે છે તે આદમીઓને ખરાબ કરેછે. એટલાવાશતે આદમીઓને પોતીકી અકલ સાથે એમ જાણવું જોઇએ, એ જરતોશત, કે એ મારા મોતમંદ તંનને તે જાહાનમાં કોઈ નહી બખશાવતું કરે અને નહી બખશાવી લે, કોઈ કોઇને બખશાવાની શક્તી નથી તેથી હમેશે થડથી ખરાબી છે. મારા જીવને એ મીશાલે જાણવું કે જે કોઈ શખસ દીનના હોકમ માફક નંહી ચાલઓ તે શખસને

ગુજરેછે તે દહાડેથી ખરાબી પોહચેછે. નાપાક ભુંડાં શેહેરનો રેહનાર મોટા ... અહરેમન ઘણા આદમીઓને ફરેબ દેઇને નાપાક ભુંડી દીન દેખાડેછે. અને દરવંદી ... ઉપર ચલાવેછે, અને આખેર પોતીકી તરફ ખેચી લીએછે. જે કોઈ આદમીઓ નેક પેદાયશન... હમણાં છે અને જે કોઈ થઈ ગીઆ અને જે કોઈ પેદા થશે તે આદમીઓને વાશતે, એ જરથોશત, મેં આઠ બેહેશત પેદા કીધાંછે તે બેહશતને નેક કામના કરનારા આદમીઓ જોવું કરેછે. મેં હોરમજદે એ બેહેશતો તેવાં નેક આદમીઓને વાશતે પેદા કીધા છે.

એ આદમીઓ, એ દુનીયામાં ગુનાહથી ડરતા ચાલજો અને હરરોજ દેવદરૂજોની સાથે લડતા રેહજો; અને જો તમો દેવદરૂજોની સાથે લડવાની શક્તી નહી રાખશો તો તમારા રવાનને જમીનના છેડા ઉપર પડવું છે, ઈયાને દોજખમાં. કોઈ મોતમંદ આદમીઓ મોતથી નહી છુટશે. એ જરતોશત, જે કોઈ તારી આગલ આદમીઓ મોતથી છુટેલા છે તેજ; હવે પછી કોઈ આદમી મોતથી નહી છુટશે. શું ઉસતાદોના ઉસતાદ તથા મોબદના મોબદ બી મોતથી નહી છુટશે; જે કોઈ મુલકોનો ખાવંદ, પાદશાહોનો પાદશાહ હશે તેબી મોતથી નહી છુટશે. જે કોઈ ઘણો સવાબના ફાયદાનો રાખનાર હશે તે પણ મોતથી નહી છુટશે, ઈયા કોઈ ગુનાહકાર આદમી ઘણો ભારી ગુનાહ કીધાથીબી મોતથી નહી છુટશે. તું જો કે કાઉશ પાદશાહ એવો બોલંદીથી ઘણી ઉંચી જગો ઉપર ગીયો, ઈયાને બુલંદ આશમાન ઉપર ગીયો; પોતીકી દાનાઈના હોનરે પોતે હઈયાત ગીયો, કે તે પોતીકે હાથની કઉઅત રાખતો હતો તે કઉઅત સાથે આસમાન ઉપર હઈયાત ગીયો હતો.* પણ તેના જેવો પાદશાહ ઓશતહાદ દેવથી છુટી નહી શકેઓ. બીજો, નાપાક ગુનાહકાર અફરાશીઆબે પોતે મોતથી છુટવાને વાશતે જમીનની નીચે ઘેર એક બાંધેલું હતું; તે ઘેરનો રસતોબી તેણે જમીન ઉપર નહી રાખેલો હતો, દરીઆમા ઉંઘો બુડકી મારતો અને તે બુડકી સમેત પેલા ઘેરની છુપી જગો ઉપર જતો હતો. તેણે જમીનની નીચે એવું તો સખત ખરાં લોહડાંના કીલાની મીશાલે ઉંચું બાંધેલું હતું, તે એવું તો ઉંચું કે જેની બોલંદી એક હજાર મરદની બોલંદી બરોબર હતું. તે ઘેરના એકસો થાંબ હતા; તે ઘેરમાં રોશની કરવાને વાશતે સેતારા તથા માહા તથા ખોરશેદની રોશનીની ચાલ મુકેલી હતી, તે રોશની એટલા વાશતે કીધી હતી કે આદમીઓ એ ઘેરમાં રોશનીએ કરીને જીવ સાથે ઘણા નેક જીવે. એ મીસાલે વમાશી કરીને પોતે નાપાકે પોતીકા હાથની કઉવતે કરીને કીલાની મીસાલ ઘેર એક કરેલું હતું, તેણે પોતે મોતથી છુટવાને વાશતે. પણ આખેરકાર તે જેવો નાપાક ભુંડોબી મોતથી છુટી નહી શકયો. અને વળી બીજોબી એક મોતથી નહી છુટો,

---

* ખોદારાનાસીને લગતા આ ભેદી ઈશારા છે. પાદશાહ કાઉશ આસમાન ઉપર "હાથનાં કઉવતે, હઈયાત" ગયો એમ કહેવાની મતલબ અલબત એવી નથી કે ખાકી હાથોનાં જોરવતી ફાની બદનને આકાશ ઉપર ચઢાવ્યું. એ "હાથનું કઉવત" તે બીજું કંઈ નહી પણ તે "દાનાઈનો હોનર" અથવા કઉવત છે કે જેથી ખોદારાનાસો "હઈયાત" એટલે કે જાગૃત હોશ સહીત બુલંદ સ્થીતીએ અથવા મીનોઈ હાલતે પોહચી શકેછે.

એજ મુજબ અફરાશીયાબના દાખલામાં સમજવું. તેનું હજાર થાંભા, ઈ૦, વાલું ઘેર તે આ જમીન પરનું કોઈ એવું ઘેર નહી, પણ તેના અંતર અથવા ભીતરમાનું જીવનું સ્થાન સમજવું. આ મીસાલમાં જીંદગી લંબાવવાની અંતર-કીયા અને "બંધન" રીતની સુચના માલમ પડેછે. એ બાબે જમયાદ યશત કેટલોક અગતનો ખોલાસો આપી શકે તેમ છે. વળી શરોશ યશતનો ૯ મો કરદો સરખાવો.—અધીપતી, રાહે રોશન.

જે જમશેદ જેવો પાદશાહ, કે જેણે પોતીકા હાથની ઘણી કઉવતે કરીને જમીનને નવ હીસા વધારવી કીધી અને ગોલ તથા પોહલાઈ સાથે દુર મારગ ઉપર ફેલાવી. એવો નેક પેદાયશનો પાદશાહ હતો કે જે ઉગમણુથી તે આથમણુ સુધી આલ્યો.* તેણે અમરગી ચાહી હતી પણ તેબી અમરગી નહી પામી શકયો. અને એ જમશેદ પાદશાહે હાથની કઉવતે આટલી એક જમીન વધારી હતી. એની તમામ લંબાઈ પોહલાઈની ગવાહી બુનદેહેશને કેતાબમાં છે. તથા એ જમશેદે જાદુગરી બી જાહાનમાં બંધ કરી હતી, તથા એ નેક પાદશાહે તમામ સુના રૂપાના દેરમનો સીકો ચલાવેઓ હતો. એના વખતથી અશરફી તથા દેરમનો રેવાજ ચાલેઓ છે. એવો નેક પાદશાહ પણુ આખેરકાર મોત નામના દેવથી છુટી નહી શકયો. એ મીસાલે તમામ દુનયાની પેદાયશ ઉપર નાપાક ગનામીનો એહરેમનનો પેદા કીધેલો ઓશતહાદ નામનો દેવ પોહચનારો છે, તમામ પેદાયશને મારવાને વાશતે; પણુ એક જે કયામતનો સમારનાર શોશીઓશ તેની ઉપર નહી પોહચી શકશે. એ જરથોસ્ત, તે શોશીઓશને ઓશતહાદ ઇયાને જમ નામના દેવથી છુટવાની શકતી છે. બાકી બીજા કોઈ આદમીઓ છુટી નહી શકશે. નાપાક ભુંડો ફરેબનો દેનાર દરૂજ જેવારે આદમીઓને મારવા આવેચ તેવારે નાપાક લાંચ લઇનેબી નહી મુકતો, અને કરોડો રૂપીઆના ગોહરોનેબી નથી કબુલ કરતો. આદમી લોકો બોતખાના-ઓમાં એની માનત કરેચ અને એને લાંચ ખવાડેચ, પણુ નાપાક એવો તો ભુંડો કે તે લાંચ લેતાંબી આદમીઓને નથી છોડતો. તે લાંચ લીધાથી નાપાક બમણો કઉવતમંદ થાયછે, અને ઘણી તાકીદ મારવાની કરેછે કે રખે કોઈ એની ફરીઆદે પોહચે. એ મીસાલે નાપાક ભુંડો મારનારો પેદા થયલો છે, વાસતે જે કોઈ નેક સેતારાનાં અને નેક પેદાય-શનાં આદમીઓ હોય તે અવલથી એ નાપાકનાં ફેલને જાણી મુંકીને પરથમ પોતીકી જાતનું બરશનુમ લેઇને શરોશનું ઇજીવલું કરે, એ મોતના દહાડાને વાસતે; ઇયાને જીનદેહ-રવાન બરશનુમ લેઇને તાકીદે કરવું કરે. અને ભલી માજદીઅશની દીનના લોકોને લાયક છે કે જીનદેહરવાન કીધા વગર ઘેરથી સફર કરવાને બહાર નીકલવું નહી જોઇએ, † શાવાસતે કે તે મોતનો દહાડો કોઇને માલમ નથી. મબાદા કે બાહાર ગીઓ ને ત્યાં મોતનો વખત આવી પોહચેઓ તો જીનદેહરવાન જો કીધેલું હોય તો તે જગો ઉપર શરોશ તથા તે શીઆવ રવાનને કામ લાગે. અગર કોઈ શખસે એ શરોશનું ઈજાવવું નથી કીધું, ઇયાને દુનીયામાં જીનદેહરવાન નથી ઇજીઊ તે શખસના રવાનને દેવોની સાથે લડવું છે અને પોતીકા તનને દેવોના હાથ ઉપર ખરાબ કરવા આપેછે, અને તે શખસના રવાનને દેવો તરણુ દહાડા અને તરણુ રાત ઘણી દેહશતનું દેખાડવું કરેછે. અને જ્યાંસુધી કે તે શખસને ઘેર ખબર

---

* એ ઉપરથી શાહ જમશેદ એક મોટા "સીધ્ધ" પુરૂશ તેમજ વીશાળ આત્મા દ્રશ્ટિ (રવાની નજર) ધરાવનાર માલમ પડેછે. જમશેદની મોટી શકતી બાબે વંદીદાદના શરૂઆતના હા મધે કેટલુંક વર્ણન મળે છે.

† જીન્દેહ રવાન, એટલે જીવતું—જીવેલું રવાન, અથવા જે રવાન મોતથી છુટયું હોય તે. રવાનને "જીનદેહ" એટલે જીવેલું (બેહરાતને લાયક અથવા મીનો જીંદગીને લાયક) કરવા વગર આ "ઘેર" એટલે શરીર છોડવું હરેક જરથોસ્તીને ઘટે નહી. તેણે પોતાની જીંદગીમાંજ શરોશની મારફતે ચઢતી સ્થીતીએ પોહચવાની કોશેશ કરવી સજાવાર છે. વળી ક્રીયા કરવા—કરાવવાનું ફળ રવાનને ઘણીક રીતે આસાની આપવા સરખું છે.

કપડાંથી જેમ શરીરનો બચાવ થાય છે તેમ શીયાવ અરપણુ કરવાથી તથા ઈજાવવાથી રવાનને તે એક જાતનો મીનો પોશાક તથા બચાવ તરીકે કામે લાગે.—અધીપતી, રાહે રોશન.

નથી થતી અને શીઆવ તથા શરોશ નથી થતા ત્યાંસુધી તે શખસનું રવાને દવાન્તે ... ખરાબ થાયછે, અને જેવારે ખબર થાયછે અને તે શખસનો શરોસ તથા શીઆવ ... તેવારે તે શખસને તે જાહાનમાં જગો મલે છે; જેવી જેની કોનશની તેવી તેની જગો તથા જેવો જેનો શીઆવ તેથી દશગણો ઊંચો વાગો તે જગો ઉપર તે રવાનને મલેછે; ત્યાંસુધી તે શખસનું રવાન નાગું રહે છે. એવું માજદીઅશની દીનના બંદા ઉપર મા હોતું. પણ માજદીઅશની દીનના બંદાઓને એ વાતની કોશેશ કીધી જોઇએ. અને એ જીનદેહરવાન

કીધા પછી સવાબના કામ વધારવાં જોઇએ, શાવાસતે કે જાહાંન ગુજરનારી છે; ગુજરવા સીવાય કોઈ રેહનારૂં નથી. જેમકે દરીઆનાં પાણીનાં વમલમાં કોઈ પડેછે તેને કોઇ બખશાવી નથી લેતું; શું ગાએ તથા ઘોડા તથા ઉંટ તથા બકરા તથા આદમીઓ પડેછે તેને તે દરીઓ બુડાવયાવીના મુકતો નથી: તે મીસાલે એ નાપાક ગનામીનો એહરેમનનો દેવ કોઇને બખશાવવું નથી કરતો. જે મીસાલે કે લશકરના દરમીઆનમાં લડાઈનું જંગ પડેચ અને તે જગો ઉપર ચકર નામનું હથીઆર ફેરવેચ તે હથીઆરનો માર મારેછે તે મારથી તમામ આદમીઓ ગુજરેચ તેથીબી કોઈ એક બીજાને બખશાવી નથી લેતો તે મીસાલે એ નાપાક ભુંડોબી કોઇને બખશાવી નથી લેતો. એવી એ દુનીઆંની ગુજરનારી રાહ છે, ગુજરવા શીવાય કોઈ રેહનાર નથી. જે મીસાલે કશાબો ગોસપંદોને કાપેછે તે મીસાલે એ નાપાક આદમીઓને એકઠા મારેછે; એ કોઈ આદમીને જીવતું પાયદાર નથી રાખતો; કોઈ બીજો તે આદમીને નથી બખશાવી લેતો.

એ જરથોસ્ત, એ નાપાક ભુંડી અકલનો રાખનાર છે. ભુંડો નાપાક એહરેમન હરરોજ દેવોને કહેછે કે જાઓ આદમીઓને ભુંડી અકલ આપો અને કહો કે તમો ગાથાવાણી જે અવશતા છે તે અવશતાનું પઢવું ના કરો, અને ઇજશને વંદીદાદનું પઢવું ના કરો, અને પાક અને પવીત્રાઇ સાથે ઇજવું ના કરો. એવી ભુંડી સુસતી આદમીઓને નાખો અને એવી ભુંડી અકલ આપો કે તે લોકો એ પઢવું નહી કરે તો તમો દેવોથી જાહાનમાં મુરાદ સાથે ફરાએ, શાવાસતે કે તેઓના ગાથાવાણી અવશતાના પઢવાથી તમારી ઉપર ઘણો ભારી માર પડે છે, અને તે કામ કીધાથી આદમીઓ દુનીઆમાં નેક નામદાર કેહવાય છે અને બેહેશતમાં ઘણા મરતબા સાથેની નેક જગો પામેછે, કે જે જગો ઉપર અશો આદમીઓનાં રવાન ઘણું આસુદે-હાલ રહેછે. જેમ કે દુનીયામાં પાદશાહ લોકો તથા શોદાગર લોકો જોકશોક સાથે આસુદે રહેછે તે કરતાંબી એ અશો લોકોનાં રવાન હજાર ગણી જોકશોક અને ખુશી સાથે રહેછે. એટલા વાશતે તેઓને તમો ભુંડી અકલ આપો અને કહો કે એવું કરવું તમોને ના હોતું. એવું ભુંડું નાપાક અહેરેમન આદમીઓ ઉપર ચાહેછે અને એવી ભુંડી શીખામણ આદમીઓને દેછે; અને આદમીઓના તનમાં રહીને દેવો એવો ખેયાલ કરાવેછે અને આદમીઓને નેક કામ કરવા દેતા નથી. એવા નાપાક દરવંદ દેવો તમામોને મારવું કરેછે અને એવી ભુંડી અકલ આપીને આદમીઓને, ગુજરયા પછી, પોતીકી તરફ ખેંચવું કરેછે અને ઘણા ભારી આજાબનું દેખાડવું કરેછે અને ગુનાહનો તાણો મારેછે. એવો નાપાક ભુંડો મારી દુનીયાંની પેદાયશને મારેચ, પણ નથી ચાલતું નાપાકનું મારી એક ચીજ ઉપર. તે એક ચીજ તે છે કે પાકી ઇયાને સવાબના કામને નથી મારી શકતો. તે જગો ઉપર નાપાક લાચાર થાયછે; વાસતે, એ જરથોસ્ત, તું એ મારી પાકીની રાહને હર ઘડી ચાહવી કર અને તમામ આદમીઓનેબી પાકીનાં એવાં સવાબનાં કામ કરવાનો હોકમ કર. શાવાસતે કે પાકીનાં કામ કીધાથી રવા-નને ઘણી બુજોરગી છે અને દોજખથી છુટવું છે, અને નાપાક એહરેમન દુનીઆંમાં મુશકેલ

... મુશકેલીયોથી છુટતું છે. એ દુનીઆંની તમામ ચીજ ખાકમાં મલનારી છે, શું ...ડા તથા ઉંટ તથા ગાઓ ગોસપંદો તથા ચરંદા પરંદા તથા સુનુરપું તથા તમામ લડાઇના કરનાર ...લવાનો તથા બીજા તમામ આદમીઓની જાત, એ સર્વે ખાકમાં મલનાર છે; એ દુનીઆં... કશી ચીજ રેહનારી નથી, તમામ ખાકમાં મલનાર છે. પણ એક ચીજ ખાકમાં મલનારી નથી, કે જે આદમીઓએ એ દુનીઆંના દરમેઆનમાં તમામ આદમીઓ સાથે ખુબી કીધી હશે અને તે શખસને દુનીઆંનાં લોકોએ ઘણો વખાણેઓ હશે; ઈયા જે કોઇ શખસે એ દુનીયામાં પાક માજદીયશની દીનનાં ભલાં અશો લોકો ઉપર સખાવતનું આપતું કીધું હશે, ઈયા અશો લોકોને પાલતું કીધું હશે તે શખસની નેકી હમેશે રેહનારી છે. જરવાને અકરને, જે બેકીનારે જમાનો, રેહનાર છે તાંહસુધી તે શખસની નેકીબી હમેશે રહેનારીછે. એને ઘસારો તથા ઘટાડો નથી, બાકી દુનીયામાં તે સીવાય કાંઇ રેહનાર નથી. જે કોઇ શખસોએ એવી નેકી કીધી હતી તેનાઓએ પોતીકા મોતનો ઇલાજ રાખેલો હતો. અને જે કોઇ શખસોએ કે દુનીયામાં દાદાર હોરમજદના સવાબનાં કામબી નહી કીધાં હોય, ઇયા કોઇ અશો ભલા લોકો ઉપર સખાવતનો હાથબી નહી કીધો, હોય તે શખસોએ પોતીકા મોતનો ઇલાજ મારેલોછે. તે શખસને તે જાહાનમાં પશેમાની અને અજાબનું ખેંચવું ઘણું છે; પોકાર અને અફશોશ ઘણો મારશે. અને જે શખસ પરથમ આદમીઓની જાતમાં આદમી જે પેદા થયું તેણે પરથમ પોતીકા મોતનો ઇલાજ રાખેલો હતો. તે કોણ કે આદમીઓમાં પરથમ ગઇઓમરદ જે પેદા થયો તેણે પેહલી દાદાર હોરમજદની બંદગી સરનદીપ પહાડની ઉપર ઉભો રહીને ત્રણ હજાર વરસ તલક, ભુખ અને પેઆશ વગર અમરગ ફરેશતાની મીસાલે, મોતના ઇલાજને વાસતે બંદગી કીધી, પણ આખેર જેવારે તે જેવાનુંબી મોત પોહચ્યું તેવારે તન છોડયું; પણ તે જેવો પોતીકા મોત સાથે લડી નહી શકયો. તે ગઇઓમરદ ગુજરયા પછી આદમીઓમાં એવો નેક પાંચમો હોશંગ પેદા થયો. તે હોશંગે પરથમ રાસતી ઇનસાફનો રેવાજ જાહાનમાં જાહેર ચલાવયો. તે હોશંગમાં યજદાનનો હોશ હતો તે હોશયારીએ કરીને, રસતામાં ચાલતાં, અજદાહ એક મોટો ભારી નજર આવ્યો, એક પથર ઉપર પડેલો હતો; તેની ઉપર પથર એક નાનો મારયો તેથી અજદાહ મુઓ અને પથરની સાથે પથર અઠડયો તેથી આતશ પડયો; તે આતશ લેઇને હોશંગે પરથમ તેનો કેબલો કીધો એટલે તેને બુજોરગ જાણયો, અને તે દહાડેથી આતશનો કેબલો કરવાનો રેવાજ જાહાનમાં ચાલ્યો છે. અને વળી ઘણાએક દાનાઇનાં દફતરો હોશંગે જોડયાં છે, અને એક જાવીદાને ખેરદ નામની કેતાબ જોડી છે. અને એવો તો દાનાવ કે જેણે પોતીકી અકલે કરીને કેતાબો જોડી; નહી કોઈ તેનો ઉસતાદ હતો. ગયોમરદ ગુજરયા પછી તમામ વરસમાં નાપાક એહરેમને પાંચમો એનેબી મારયો. તે જેવાનુંબી મોત નજદીક પોહચયું તેવારે પોતીકું તન છોડયું, પણ પોતીકા મોત સાથે કોઈ લડી નહીં શકયું. તેવાર પછી તેહમુરસ પાદશાહ, હોશંગનો બેટો, પેદા થયો તે તમામ આદમીઓમાં હમેશે જીવતું નામ એનું રહયું, કે તે તેહમુરસ પાદશાહે દેવોનો દેવ જે ગજશતે ગનામીનો એહરેમન, ઘણી અંધારીનો રાખનાર, તે નાપાકને પકડીને તીશ વરસ તલક સવારી તેની ઉપર કીધી* અને હરરોજ સવારીમાં રાખ્યો હતો, અને દાદાર હોરમજદની પેદા કીધેલી સાત કલમ જે

---

* એહરેમન સરખા બદવિકારો અને બદહવસોને, સ્વારીના એક ઘોડા માફક, પુરતા કાબુમાં રાખ્યાથી જે મીનો જ્ઞાન મળે છે તેની તથા ખોદાશનાશીને લગતી અંતર કીયાની આ ભેદી મીસાલ છે. —અધીપતી, રાહે રોશન.

નવીસંદગીની ઇયાને સાત તરેહના હરફોની કલમ પેદા કીધી હતી તે કલમોના જે નાપાક ગનામીનો એહરેમને આદમીઓના હાથ ઉપરથી છુપાવી રાખ્યા હતા તે હરફો તેહમુરસ પાદશાહે ગનામીનો એહરેમન પાસેથી કહાડયા, અને તેહમુરસ પાદશાહના વખતથી એ સાતે કલમોનો લખવાનો કાયદો ચાલેઓ છે. અને તે જેવા પાદશાહનું મોત પોહચ્યું તેવારે તન મુકયું, પણ પોતીકા મોત સાથે લડી નહી શકેઓ. તેવાર પછી જમશેદ પાદશાહ પેદા થયો, નેક ટોલાંનો રાખનાર, વીહંગાનનો બેટો, કે તે જમશેદ પાદશાહને રોશન જહલકાટ ઘણો હતો—જેવો ખુરશેદનો જહલકાટ તેવો જમશેદનો જહલકાટ હતો. નેક ટોલાંનો રાખનાર ઇયાને ગાએ ગોસપંદોના ટોલાંને તંદરોસત રાખતો હતો. જેમ આદમીઓને અમરગ રાખતો હતો તે મીસાલે છશો સોલ વરશ છ મહીના અને સોલ દહાડા તલક વગર બુઢાપે અમરગ 'રાખ્યાં હતાં અને ખાવાપીવાથી બેપરવા કીધાં હતાં, ઇયાને તે લોકોને ખાધાપીધાની કશી જરૂર હતી નહી અને કશી વાતે એહરેમનની જીઆન તથા આજાર પોહચવા દીધો નહી, પણ તે જેવાનું મોત જેવારે પોહચ્યું તેવારે તન મુકયું; પણ તે જેવો પાદશાહ પોતીકા મોત સાથે લડી નહી શકયો. તેવાર પછી નાપાક ભુંડો જોહાક પેદા થયો, ભુંડી દીનનો રાખનાર કે તે નાપાકે ભુંડી દીન ચલાવી, અને એ જાહાનના આદમીઓને ખરાબ કીધાં, અને આદમીઓને ભુંડો મારગ દેખાડયો અને એહરેમનની દીન ચલાવી, અને એહરેમનની પાદશાહી રાખી; તેથી એના વખતથી દીનનો તબક્કો પડયો અને જુદી જુદી દરવંદી દીન થઇ. એ નાપાકે એક હજાર વરસમાં દોહોડ દહાડો કમ એહરેમનની ભુંડી પાદશાહી કીધી અને ઘણો જાદુઇ અને ગુનાહકારીનો મારગ જાહાનમાં ચલાવેઓ. એ નાપાકની ભુંડી પાદશાહીથી એહરેમનની જાદુઇ જે હતી તે એના વખતથી જાહાનમાં જાહેર નીકલી; બાકી આગલા પાદશાહોના વખતમાં બીજી દીન નહી હતી અને જાદુઇબી જાહાનમાં કોઇ નહી જાણતું હતું. આગલા પાદશાહોના વખતમાં એક પાદશાહી ને એકજ દીન દાદાર હોરમજદની હતી. અને એ નાપાક ભુંડાના વખતથી બીજી દીનો થઇ અને એહરેમંદી મારગ જાહેર થયો. એ નાપાક હરરોજ ઉઠીને ખશમ દેવની સાથે દોજખમાં ગનામીનો એહરેમનને પુછપરછ કરવા જતો હતો; અને એ જેવા ભુંડાનોબી વખત જેવારે આવી પોહચયો તેવારે ગાવેઆહનગર નામના મરદે એને મારયો, ઇયાને નાપાક ભુંડાનો એ વખત પોહચ્યો તેવારે પોતે ખાબ દીઠો કે ફરેદુન પાદશાહ આવયોચ અને મને પકડયોચ અને માર ઘણો મારેચ. એવો ખાબ જેવારે દીઠો તેજ વખત ઉપર પોતીકા શરાના ઉપરથી જમીન ઉપર પડયો અને હેબત ખાધી, અને નજુમીઓને બોલાવયા અને પુછયું કે મેં એવો શો ખાબ દીઠોચ? તેવારે દાનાવ નજુમીએ જોઇને જવાબ દીધો જે પાદશાહ ફરેદુન દાદાર હોરમજદની પાદશાહીનો રાખનાર આવયોચ અને તુંને પકડેચ. એવો જવાબ જેવારે નજુમીઓથી સાંભલ્યો તેવારે ઘણો દેહશત ખાઇ બેહોશ થઇને પડયો; અને પછી હોશયાર થઇને નવીસંદાઓને કહ્યું કે એક ઘણું તારીફ સાથનું મેહજરનામું કરો અને તે ઉપર તમામ શેહરનાં લોકોની સહી લેઓ. તેવારે નવીસંદાઓએ મેહજર બનાવયું અને તે ઉપર તમામોની સહી લીધી તેવારે કેટલાકોઓ સહી આપી અને ગાવેહંગર નામના મરદે વાંચી જોઇને નાપાકને ગાળ દીધી અને મેહજર લઇને પોતે ફાડી નાખયું. પછી નાપાકનું મોત પોહચયું તેવારે તન મુકયું અને પોતીકા મોત સાથે લડી નહી શકયો, ઈયાને ગાવેહંગર સાથે લડી નહી શકયો. પછી આથવીઆનનો બેટો ફરેદુન પાદશાહ પેદા થયો તેણે નાપાક જોહાકને પકડી મારયો, અને માજંનદરાની દેવોને બાંધયા અને મારયા. અને એ પાદશાહ ફરેદુને ઘણીએક અવસતાની નેરંગોનો જાહાનમાં જાહેર રેવાજ કીધો, શાવાસતે કે નાપાક જોહાકે જાહાનમાં જાદુઈ આશકારા કીધી હતી તેને તોડવાને વાસતે. અને દાદાર

...શાહીનો રાસતી ઈનસાફ પેદા કીધો અને જાહાનમાં રાસતી ઈનસાફ ચલાવયો. ...ક પાદશાહનુંબી મોત પોહચયું તેવારે તન મુકયું, પણ પોતીકા મોત સાથે લડી નહી ... વાસતે, એ જરતોસ્ત, એ નસીહત તમામ આદમીઓને કહેજે કે તમો એ દુનીયાંની માયા કરોય અને તમારા પોતીકા કદીમ ઘેરને વીસરોય. અને આદમીઓના ગુજરયા પછી તે ઉપર તમો મોટા ગમ અને શોક રાખી ગુનાહ કરોય અને તમો રવાનની પછવાડે રડવું કરોય; એ થકી અશો રવાનોને ઘણી સખતી પોહચેછે વાસતે તમો એ ગુનાહથી પહરેજ કરજો, અને દીનના નેક મારગ ઉપર ચાલો તો તમો હમેશ બેહેશતનો મારગ પામો.

હવે એ કેતાબનો તરજુમો કરનાર કમતરીન કહેછે જે હવે શોકર કરૂંછું દાદાર હોરમજદના, અને શોકર કરૂંછું હું તેની ભલી પાક માજુદીઅશની દીનના, કે જે સાહેબે આપણને એવી પાક દીનનો મારગ દેખાડયો.અને આપણને આ ત્રણ પાંચ દહાડાની દુનીયામાં લોભ તથા માયાથી દુર રહેવાનો હોકમ કીધો, અને આપણને આવા નેક નસીહતના શોકનોની બખશેશ કરી આઝાદીની રાહ દેખાડી; વાસતે હવે આપણ બંદાઓને મુનાસેબ છે જે એવા નસીહતના સોખનોને યાદ રાખીને મોતના ગમને મુતલક ફરામોશ કરવો. શાવાસતે કે એ દુનીયા મોતમંદજ છે, તેથી મોતનો ગમ નહી રાખવો જોઇએ; કે ગમ રાખવાથી એહરેમનની મોરાદ થાય છે વાસતે એ ચીજથી સબર કરવી ઘણી લાયક છે. સબર કરવાથી એહરેમન તુટેછે અને નાપાક નામોરાદ થાયછે, વાસતે એ વખત ઉપર સબર બેહેતર છે.



દી. અરદેશરની કુંપની,

ચોપડી વેચનાર તથા પ્રગટ કરનાર,

નં. ૧૮, ધોબીતલાવ, મુંબઈ.

નવી ચોપડીઓ.

	રૂ.	આ.	પૈ.
ખોરદેહ અવસ્તા બા માયની ...	૨	૮	૦
યજશને તથા વીસપરદનો તરજુમો.	૩	૦	૦
વંદીદાદનો ગુજરાતી તરજુમો ...	૩	૮	૦
પારસીઓમાં નીતીનું ધોરણ	૦	૨	૦
આકાશ તત્વ	૦	૨	૦
બંદગી, ગાયન અને માથ્ર	૦	૨	૦
અપાધાતમાં સમાયલા જોખમો ...	૦	૨	૦
ઈરાની વિષયો	૩	૦	૦
ભવિષ્યની જીંદગી	૩	૦	૦
અવસ્તાના વિશેષ નામોની ફરહંગ...	૬	૦	૦
મેહેર અને જશને મેહેરગાન ...	૧	૦	૦
હોમ	૦	૮	૦
અશો ફરોહર	૦	૧૨	૦
અર્દવીશુર અનાહીત	૦	૧૨	૦
યોગ વિદ્યા અને અસલી ઈરાનીઓ.	૦	૪	૦
પુરાતન આતશખાના	૦	૪	૦
જરથોસ્તી ધર્મની મોતેબરી	૦	૮	૦
ધર્મનિતી અંક ૧ લો (વર્તમાન પ્રેસ).	૦	૪	૦
ધર્મનિતી અંક ૨ જો (,, ,,).	૦	૪	૦
જરથોસ્તી ધર્મમાળા: (અંક ૧ લો) બાઈબંધી	૦	૦	૬
ઘણાજ પુરાતન જમાનાની જરથોસ્તી બાનુઓનો મરતબો	૦	૬	૦
અરદાવીરાફ નામું	૧	૦	૦
કદીમ ઈરાનીઓપર એકજ લોહી ધરાસગાંઓમાં પરણવા બાબે મુકાયલા બોહતાનનો રદીઓ......	૦	૧૨	૦

સેકન્ડહેન્ડ ચોપડીઓ.

	રૂ.	આ.	પૈ.
ગંજે શાયગાન	૨	૦	૦
દીનકર્દ (વા૦ ૭) ... ...દરેકના	૨	૦	૦
ખેરતાબ, જરદેહસ્ત અફસાર તથા જીંદેહરોદ	૧	૪	૦
ગુલઝારે નસીહત	૨	૦	૦
કદીમ નક્શે ઈરાન	૩	૮	૦
તવારીખે કદીમ ઈરાન	૪	૦	૦
રાહે પારસા	૨	૦	૦
પારસી પ્રકાશ (પુ૦ પહેલું) ...	૭	૦	૦
ખુલાસે માઝદીઅસની	૧	૮	૦
બાગે પારસા	૧	૪	૦
હાદીએ માઝદીઅસનાન	૧	૦	૦
ચુટી કાઢેલાં લખાંણો (દફતર ૧લું તા૦ બીજું)	૫	૦	૦
ખોરદેહ અવસ્તા બા માયની ...	૧	૪	૦
યજશને તથા વીસપરદનો તરજુમો.	૧	૮	૦
વંદીદાદનો ગુજરાતી તરજુમો ...	૨	૦	૦
તોહફએ જમશીદ	૦	૮	૦
પંદનામે મુલાં ફીરોઝ	૧	૦	૦
આતશની બુલંદી	૧	૦	૦
આતશના કેબલાની ખુબી	૦	૮	૦
જાવીદાંને ખેરદ	૧	૦	૦
દસાતીર	૧	૦	૦
પુરાતન પારસીઓની તવારીખ ..	૧	૮	૦
એનજહારે શીઆતે ઈરાન	૦	૧૦	૦
પેહલવી ડીક્ષનરી (વા૦૩)...દરેકનો	૧	૦	૦
નામ સેતાએશને	૦	૮	૦

રાહે રોશન.

જરથોસ્તી ધર્મ, આચારવિચાર, અને સંસારી બાબતો
માટે ખાસ પત્ર.

લવાજમ—વરસના, આગાઉ ઉપર, રૂ. ૨); પોસ્ટેજ સાથે રૂ. ૨।।; છુટી નકલનો રૂ. ૦।.

જેઓ ઘરાક થવા ચાહતા હોય તેઓએ મેહરબાની કરીને લવાજમના પૈસા તથા પોતાનું નામ ઠામ નીચલે સરનામે મોકલવું.

ડી. અરદેશરની કુંપની—મેનેજર તથા પ્રગટ કરનાર,
નં૦ ૧૮, ધોબીતળાવ, મુંબઈ.

બુનદેહેશ.
યાને
દુનીયાની અવલથી તે આખર
સુધી પેદાયશની હકીકત.
રૂ. ૧।। પોસ્ટેજ .)=

ધી અરદેશરની કંપની.
નં. ૧૮, ધોબીતળાવ, મુંબઈ.

જરથોશતી ધર્મસંબંધી નવો
તથા સેકન્ડહેંડ
ચોપડીઓ વેચનાર

સ્કુલ અને લાઇબ્રેરીને ખપના
તથા બીજા ઉપયોગી
પુસ્તકો આ કુંપનીમાંથી મળશે.